## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીમાં રિક્ષામાં બેસાડી મહિલાના ગળામાંથી ચેઈન તફડાવતાં એક ઝડપાયો

બારડોલી: બારડોલીના ટાઉન હોલ પાસે ૬૪ વર્ષીય મહિલા ઈન્દુબેન કાંતીભાઈ ચૌહાણ (રહે., ગોપાલનગર, શાસ્ત્રી રોડ, બારડોલી)ને વાતોમાં ભોળવી રિક્ષામાં બેસાડ્યા બાદ ચાલક અને તેના ત્રણ સાથીદારોએ ધક્કામુક્કી કરી મહિલાના ગળામાંથી રૂ.૧.૫૦ લાખની સોનાની ચેઈન-પેન્ડલ આંચકી લીધાં હતાં. મહિલાએ બૂમાબૂમ કરતાં લોકોએ પીછો કર્યો હતો. આ દરમિયાન રિક્ષા દીવાલ સાથે અથડાતાં ત્રણ સાગરીત નાસી છૂટ્યા હતા, જ્યારે સ્થાનિકોએ સુરતના રિક્ષાચાલક ઈમરાન અન્સારીને ઝડપી પોલીસને સોંપ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વરેલીમાં કિડનીની બીમારીથી પીડાતા યુવકનું મોત

પલસાણા: વરેલી ગામે ગંભીર કિડનીની બીમારીથી પીડાતા ૨૮ વર્ષીય કમલેશ મણીરામ વર્માનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ગત ૬ જુલાઈએ અચાનક શ્વાસની તકલીફ થતાં તેને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં ૮ જુલાઈએ તેનું મૃત્યુ થયું હતું. કડોદરા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાયમા ગામે ત્યજાયેલી હાલતમાં નવજાત શિશુ મળ્યું


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: હાંસોટના રાયમા ગામે નહેર પાસેથી અંદાજે એક માસનું નવજાત શિશુ ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવતાં ચકચાર મચી ગઈ છે. વરસાદી વાતાવરણ વચ્ચે ખુલ્લા આકાશ નીચે કલાકો સુધી પડેલા આ નિસ્તેજ બાળકને ગ્રામજનોએ ૧૦૮ મારફતે કુડાદરા PHC ખસેડ્યું હતું. બાદમાં ગંભીર હાલતને કારણે તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયું છે, જ્યાં તેની સ્થિતિ સ્થિર છે. ઘટનાની જાણ થતાં જ હાંસોટ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ, મોબાઈલ લોકેશન અને આંગણવાડીના રેકોર્ડના આધારે શિશુને ત્યજી જનાર નિષ્ઠુર તત્ત્વોને શોધવા તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

### કડોદમાં શ્વાસ લેવામાં તકલીફ થતાં વૃદ્ધનું મોત

બારડોલી: કડોદ ગામની જે.કે.પાર્ક સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય હરિસીંગભાઇ ચૌધરીનું અચાનક તબિયત લથડતા અવસાન થયું છે. ૭ જુલાઈની રાત્રે ગભરામણ અને શ્વાસની તકલીફ બાદ તેઓ બેભાન થતાં સરદાર સ્મારક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

### ચલથાણમાં પાણીમાં તણાઈ જતાં વૃદ્ધાનું મોત

પલસાણા: ચલથાણ ગામે ભારે વરસાદી પાણીમાં તણાઈ જવાથી 70 વર્ષીય વૃદ્ધા મુક્તાબેન ગરબડદાસ પીસેનું કરુણ મોત નીપજ્યું છે. ગત 7 જુલાઈના રોજ સાંજે રેલવે પુલિયા નજીકથી પસાર થતી વખતે તેઓ પાણીના પ્રવાહમાં તણાયાં હતાં. પોલીસે ગુમ થયેલા વૃદ્ધાનો મૃતદેહ શોધી કાઢી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સાયણમાં ફ્લેટની બાલ્કનીમાંથી નીચે પટકાયેલા બિહારી યુવકનું મોત

સાયણ: સાયણના નીલમનગરમાં રહેતા અને મૂળ બિહારના ૩૯ વર્ષીય મનોજ મુખિયા ગત રાત્રે ફ્લેટની બાલ્કનીમાં બાથરૂમ જતી વખતે અકસ્માતે નીચે પટકાયા હતા. માથામાં ગંભીર ઇજા થતાં તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

### કુવાદ ગામમાં કરંટ લાગતાં પરિણીતાનું મોત

સાયણ: ઓલપાડના કુવાદ ગામે ગત ૭મી જુલાઈના રોજ ૨૭ વર્ષીય પરિણીતા તેજલબેન ચિરાગકુમાર પટેલ પોતાના ઘરના આંગણામાં મૂકેલી પાણીની મોટર ચાલુ કરવા ગયાં હતાં. દરમિયાન અચાનક જમણો હાથ અડી જતાં તેમને કરંટ લાગ્યો હતો. બેભાન અવસ્થામાં તેમને તાત્કાલિક ઓલપાડ હોસ્પિટલ ખસેડાતાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યાં હતાં. આ અંગે ઓલપાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજમાં કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો


પલસાણા: કામરેજ પોલીસે નવી પારડી ગામ નજીક રાજ હોટલ સામે વોચ ગોઠવી રૂ.૯૮,૦૧૬ની કિંમતનો ૬૯૬ બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બલેનો કાર સહિત કુલ રૂ.૫,૯૮,૨૧૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ઘટના સ્થળેથી રાહુલ વસાવા નામના આરોપીની ધરપકડ કરાઈ છે, જ્યારે દારૂ સપ્લાય કરનાર નિર્મલ ઉર્ફે નીમો રાઠોડને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરાઈ છે.

### અંકલેશ્વરના નિશિથ રણાની કપ્તાનીમાં ભારતે રોકબોલ સ્પર્ધા જીતી




ભરૂચ: નેપાળની રાજધાની કાઠમંડુ ખાતે યોજાયેલી પ્રથમ દક્ષિણ એશિયન સિનિયર અને મિક્સ રોકબોલ ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમોએ ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. આ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભારત સહિત ૬ દેશની ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ ગોલ્ડ મેડલ મેળવી દેશનું ગૌરવ વધાર્યું છે. વિશેષ ગૌરવની વાત એ છે કે, અંકલેશ્વરના ભડકોદ્રા ગામે રહેતા અને મૂળ વાલિયા તાલુકાના વિઠ્ઠલ ગામના વતની નિશિથસિંહ દિલીપસિંહ રણાએ ભારતીય પુરુષ ટીમનું સફળ નેતૃત્વ કર્યું હતું. તેમના કપ્તાન પદ હેઠળ ટીમે ફાઇનલમાં યજમાન નેપાળને હરાવીને ટ્રોફી પોતાના નામે કરી હતી. બીજી તરફ જમ્મુ-કાશ્મીરની સાઇકા ખાનમના નેતૃત્વમાં ભારતીય મહિલા ટીમે પણ અદભૂત કૌશલ્ય દાખવી સુવર્ણ ચંદ્રક જિત્યો હતો. રોકબોલ ફેડરેશનના પદાધિકારીઓએ આ ઐતિહાસિક સફળતાને બિરદાવતા જણાવ્યું છે કે, આ જીતથી દેશમાં રોકબોલ રમતને નવી ઓળખ મળશે અને યુવાનો પ્રેરિત થશે.

### વાગરા આદિત્ય બિરલા સ્કિલ્સ સેન્ટર ખાતે 74 તાલીમાર્થીને પ્રમાણપત્રો એનાયત



ભરૂચ: હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રિઝ લિમિટેડ (આદિત્ય બિરલા ગ્રુપ) દ્વારા સંચાલિત આદિત્ય બિરલા સ્કિલ્સ સેન્ટર (ABSC), વાગરા ખાતે પ્રથમ પ્રમાણપત્ર વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 74 તાલીમાર્થીને તેમના કોર્સ પૂર્ણાહુતિનાં પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં, જેમાંથી ઘણાને વિવિધ નામાંકિત કંપનીઓમાં રોજગારી પણ પ્રાપ્ત થઈ ચૂકી છે. કાર્યક્રમ દરમિયાન 10 તાલીમાર્થીઓને રોજગાર ઓફર લેટર્સનું વિતરણ મંચ પરથી કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ સ્થાનિક યુવાનોના કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જનની દિશામાં ABSCના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. ABSC, વાગરા ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ ગુણવત્તાસભર તાલીમ આપવા માટે પ્રતિબદ્ધ છે. કેન્દ્રમાં મેકેનિકલ ફિટર ટેકનિશિયન, વેલ્ડર ટેકનિશિયન, ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન, ફેશન ટેકનિશિયન, પેશન્ટ કેર આસિસ્ટન્ટ અને ફાઇનાન્શિયલ સર્વિસિસ એસોસિયેટ જેવા રોજગારલક્ષી અભ્યાસક્રમો દ્વારા યુવાનોને તૈયાર કરવામાં આવે છે.

# ભરૂચના બે ડેમ ૮૦થી ૯૦ % ખાલી

**ભારે** વરસાદ બાદ તંત્ર હરકતમાં, રોડ, ગટરો અને ખેતરોમાં પાણી, ઘરોને નુકસાન

**કલેક્ટરની** બેઠક, ડાયવર્ઝન-રોડના તાત્કાલિક સમારકામની સૂચના અપાઈ



ભરૂચ: મંગળવારે ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટ વચ્ચે મુશળધાર વરસાદે કહેર વર્તાવ્યો હતો. વરસાદ બાદ રોડ, ગટરો તેમજ કેટલીક જગ્યાએ ખેતરોમાં પાણી ફરી વળ્યા બાદ તંત્ર દોડતું થઈ ગયું હતું. ખાસ કરીને સીલુડી અને કંટિયાજાળ વિસ્તારોમાં ઘરોમાં પાણી ભરાઈ જતાં લોકોની ઘરવખરીને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

જો કે, બુધવારે સાંજથી ગુરુવારે સાંજ સુધીમાં અંકલેશ્વર તાલુકામાં માત્ર 2 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે બાકીના આઠ તાલુકાઓમાં મેઘરાજાએ વિરામ લીધો છે. હજુ પણ જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છે, પરંતુ વરસાદી ગતિવિધિઓ ઘટી છે. અગાઉ થયેલા ભારે વરસાદને પગલે જિલ્લાના ત્રણેય મુખ્ય ડેમોમાં પાણીની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. પિંગોટ ડેમની સપાટી 132.35 મીટર સુધી પહોંચી છે, જેના કારણે પાણીનો સંગ્રહ વધીને 8.90 ટકા થયો છે. બલદેવા ડેમમાં પાણીની સપાટી 135.38 મીટર નોંધાઈ છે અને સંગ્રહ 19.14 ટકા થયો છે. જ્યારે ધોલી ડેમમાં 133.35 મીટર સાથે સૌથી વધુ 69.51 ટકા પાણી સંગ્રહ થઈ ગયો છે.

નરસાદથી અંકલેશ્વરમાં આમલાખાડી પાસે ડાયવર્ઝન ધોવાઈ ગયું છે, જ્યારે પીલુદરા ગામે એક્સપ્રેસ વેના બ્રિજ પર ગાબડું પડવાની ઘટના સામે આવી છે. ઉપરાંત, વાલિયા તાલુકામાં બે જગ્યાએ હંગામી ધોરણે બનાવેલા ડાયવર્ઝન તૂટી ગયા છે. આ વરસાદમાં બે ગામોમાં ઘરોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરી અને સામાનને નુકસાન થયું છે. જો કે, હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. ગુરુવારે અંકલેશ્વર ખાતે જિલ્લા કલેક્ટર નવનાથ ગવ્હાણેએ તમામ સંબંધિત વિભાગો સાથે કટોકટી બેઠક યોજી હતી. તેમણે ચોમાસાથી બિસમાર થઈ ગયેલા રોડ અને ડાયવર્ઝનને તાત્કાલિક સમારકામ કરવાના નિર્દેશ આપ્યા હતા.

નોંધનીય છે કે સામાન્ય રીતે ઓગસ્ટ મહિનાના પંદરેક દિવસમાં ત્રણેય ડેમો પાણીથી ભરાઈ જતા હોય છે. પરંતુ આ વખતે હજુ બે ડેમ 80થી 90 ટકા ખાલી હોવાથી ચિંતા વધી છે. જો આગામી દિવસોમાં ચોમાસું નબળું પડે તો પાણીની તંગી ઉદભવી શકે છે, જેના કારણે પીવા અને સિંચાઈ માટે સમસ્યા ઊભી થઈ શકે છે.

# જાગેશ્વરમાં જમીન ગુમાવનારા ખેડૂતોની આંદોલનની ચેતવણી

16 જુલાઈથી અનિશ્ચિત આંદોલન, કલેક્ટરને આવેદન પાઠવાયું



ભરૂચ: વાગરાના જાગેશ્વર ગામના જમીન ગુમાવનારા ખેડૂતો અને અસરગ્રસ્ત પરિવારોએ રોજગારી, પાયાની સુવિધાઓ અને પ્રદૂષણ જેવા પડતર પ્રશ્નો અંગે ગુરુવારે કલેક્ટરને આવેદનપત્ર સોંપ્યું છે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો ૧૬ જુલાઈ સુધીમાં તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો તેઓ સપરિવાર અનિશ્ચિત મુદતના આંદોલન પર ઊતરશે.

વર્ષ ૧૯૯૬-૯૭માં GIDC અને ખાનગી કંપનીઓ માટે જાગેશ્વરની ફળદ્રુપ જમીન સંપાદિત કરાઈ હતી, જેનું વળતર માત્ર ૫૬,૦૦૦ પ્રતિ એકર મળ્યું હતું. અગાઉ અહીં કાર્યરત ABG શિપયાર્ડ બંધ થતાં સેંકડો સ્થાનિકો બેરોજગાર બન્યા હતા. હવે આ મિલકત રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝે હસ્તગત કરીને કામગીરી શરૂ કરી હોવા છતાં, સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં આવતી નથી તેવો ગ્રામજનોનો આક્ષેપ છે.

રોજગારીના અભાવે આર્થિક સંકટ, વધતું પ્રદૂષણ, બિસમાર રસ્તા અને પીવાના પાણીની સમસ્યાથી સ્થાનિકો પરેશાન છે. અગાઉ ગાંધીનગર અને દહેજ GIDC કક્ષાએ કરેલી રજૂઆતો નિષ્ફળ જતાં ખેડૂતોએ આ આક્રમક વલણ અપનાવ્યું છે. આંદોલન દરમિયાન સર્જાનારી તમામ પરિસ્થિતિ માટે વહીવટી તંત્ર જવાબદાર રહેશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

### ભરૂચમાં યુવકનું મોત થતાં પાલિકાએ 19 રખડતા ગધેડા પકડયા



ભરૂચ: ભરૂચના સ્ટેશન રોડ પર ત્રણ દિવસ પહેલાં સુપર માર્કેટ સામે ધીકોળિયાના વળાંક પાસેથી મોપેડ પર પસાર થઈ રહેલા એક યુવકે અચાનક આડે આવેલા ગધેડાને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસમાં તેનું મોપેડ ડિવાઈડર સાથે અથડાયું અને લોખંડની રેલિંગ માથામાં ઘૂસી જતાં યુવકનું મોત નીપજ્યું હતું. આ કરુણ ઘટના બાદ સ્થાનિક લોકો અને સામાજિક આગેવાનોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોની નારાજગી અને રજૂઆતોને પગલે આખરે ભરૂચ નગરપાલિકા હરકતમાં આવી છે. પાલિકાની ટીમે ગત રાત્રે શહેરમાં વિશેષ ઝુંબેશ હાથ ધરીને જાહેર માર્ગો પરથી કુલ 19 રખડતા ગધેડાને પકડી પાંજરાપોળ ખાતે ખસેડ્યા છે. જો કે, નાગરિકો હવે આવાં પશુઓના ત્રાસ સામે કાયમી અને વધુ કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

# સેંગપુરની આંગણવાડી ત્રણ વર્ષથી જર્જરિત

**નાનાં** ભૂલકાં મંદિર, પૂજારીના ઘર અને કાર્યકરના ઘરે ભણવા મજબૂર


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના સેંગપુર ગામમાં સરકારી આંગણવાડીનું મકાન છેલ્લાં ત્રણ વર્ષથી જર્જરિત હોવાથી બંધ છે. પરિણામે નાના બાળકોને ક્યારેક મંદિર, પૂજારીના ઘરે તો ક્યારેક કાર્યકર શીતલબેનના ઘરે ભણવું પડે છે.

આ અસ્થિરતાને લીધે બાળકોની હાજરી ઘટી રહી છે અને શિક્ષણ-પોષણ પર માઠી અસર પડી રહી છે. દોઢ વર્ષ પહેલાં 18 લાખના ખર્ચે નવી ઈમારત મંજૂર થઈ હોવા છતાં, ત્રણ વાર ટેન્ડર પ્રક્રિયામાં ટેક્નિકલ ખામીઓ નડતાં કામ શરૂ થઈ શક્યું નથી. અધિકારી કાશ્મીરાબહેનના જણાવ્યા મુજબ સરકારી મંજૂરી બાદ કામ શરૂ થશે. ગ્રામજનો વહેલી તકે નવી ઈમારત બનાવવાની માંગ કરી રહ્યા છે.

### ઓલપાડ તાલુકા શિક્ષક સંઘની ગાંધીનગર ધરણા અંગે બેઠક યોજાઈ

સાયણ: ગાંધીનગરમાં ૧૧ જુલાઈએ યોજાનાર TET વિરોધ ધરણા કાર્યક્રમની તૈયારી માટે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની બેઠક પ્રમુખ બળદેવભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં શિક્ષકોની મોટી ઉપસ્થિતિ અંગે ચર્ચા થઈ હતી. આ ધરણામાં TET પરીક્ષા બહિષ્કાર, OPS અમલ, ૪૨૦૦ ગ્રેડ પે અને બદલી શિક્ષકોને છૂટા કરવા જેવા મુખ્ય મુદ્દાઓ સરકાર સમક્ષ રજૂ કરાશે.


Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Alpha
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૧.૧૦.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. વસાવા સુનીલભાઈ ૨. વસાવા ચંપાબેન** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૫,૪૬,૮૬૬.૯૦/- (અંકે રૂપિયા પાંચ લાખ છેતાલીસ હજાર આઠ સો છાસઠ અને નેવુ પૈસા પુરા) તા.૧૦.૧૦.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬** ના રોજ આ **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૫,૪૬,૮૬૬.૯૦/- (અંકે રૂપિયા પાંચ લાખ છેતાલીસ હજાર આઠ સો છાસઠ અને નેવુ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો ગ્રામ પંચાયત ઘર નં-૧૨૧ જેનુ માપ ૫૧ X ૨૨ મોજે તવડી, રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીક ઝઘડીયા અને રજીસ્ટ્રીશન ડિસ્ટ્રીકટ ભરૂચ ગુજરાત,ચતુર્થદિશા :**પુર્વે :** ખાડી કોતર રોડ, **પશ્ચિમે :** વિમલભાઈ વંસતભાઈ વસાવા નું ઘર, **ઉત્તરે :** વિઠ્ઠલભાઈ બધરભાઈ વસાવા નું ઘર, **દક્ષિણ :** નીલેશભાઈ ધિરૂભાઈ વસાવા નું ઘર આવેલ છે.

તારીખ : ૦૭-૦૭-૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૬૪૭૯૯૫૩૬

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,
આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી


## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરમાં બે આખલાએ શિંગડાં ભેરવ્યાં


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરની પ્રતીન ચોકડી નજીક મુખ્ય માર્ગ પર અચાનક બે આખલા બાખડતા ભરચક વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ લડાઈ દરમિયાન દોડધામ થતાં વાહનચાલકોએ અકસ્માત બચાવવા વાહનો થોભાવી દેવા પડ્યાં હતાં. આ ઘટનામાં એક ઈકો કારને નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. સ્થાનિકોના આક્ષેપ મુજબ શહેરમાં રખડતાં પશુઓની ગંભીર સમસ્યા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

### માંડવીમાં સહકારી સંમેલન યોજાયું


હિતેશ પટેલ

માંડવી: માંડવીના કૃષિ મંગલ હોલ ખાતે સહકારથી સમૃદ્ધિ, સુમુલથી સમૃદ્ધ સમાજના સૂત્ર સાથે સુમુલ ડેરીની આગામી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત સહકારી સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ધારાસભ્ય ગણપતભાઈ વસાવા, સંદીપભાઈ દેસાઈ અને કુંવરજીભાઈ હળપતિ સહિત સાંસદ પરભુભાઈ વસાવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સુમુલ ડેરીમાં ૮૭ ટકા દૂધનો હિસ્સો આદિવાસી પશુપાલકોનો હોવાથી તેમના હિતોનું રક્ષણ કરવાની પ્રાથમિકતા પર ભાર મુકાયો હતો.

### વાલિયાના કેસર ગામમાં દીપડાનો આતંક

ભરૂચ: વાલિયાના કેસર ગામ ઇટકલા ખાતે મોડી રાત્રે દીપડાએ રહેણાક વિસ્તારમાં આવી પશુપાલક રોનક પટેલની ગાયની વાછરડી પર હુમલો કરતાં મોત થયું હતું. સવારે વાછરડી લોહીલુહાણ હાલતમાં મળતાં ગ્રામજનો એકઠા થયા હતા. આ ઘટનાથી પંથકના પશુપાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને વન વિભાગને જાણ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

### અંકલેશ્વરના જૂના દિવામાં ચોરીનો ભેદ ઉકેલાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના જૂના દિવા ગામના નીલ પુષ્પ ફાર્મ હાઉસમાં કાચની બારી તોડી ગેસ બર્નર, મોબાઈલ અને સાઇકલ મળી ૨૭ હજારના મુદ્દામાલની ચોરી થઈ હતી. એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે રીઢા ચોર ભીમ પ્રસાદ કેવટ (રહે.,સંજયનગર)ની ધરપકડ કરી સાઇકલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પાનોલી GIDCમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

અંકલેશ્વર: પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં પોલીસે જુગાર રમતા પાંચ શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે દરોડા દરમિયાન પત્તાં-પાનાંથી હારજીતનો જુગાર રમતા આરોપીઓ પાસેથી કુલ રૂ.40800નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં મોહમદ શાહીદ ઝહુર શેખ, રાવેન્દ્ર રામચરીત કોલ, મોહમદ રીયાઝ રોઝન, સુનીલ નેતરાજભાઈ પટેલ અને કુમાર ઘાલે ઇન્દ્રબહાદુર જાને ઘાલેનો સમાવેશ થાય છે. તમામ હાલ પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં રહેતા હોવાનુ સામે આવ્યુ છે, જ્યારે તેઓ મૂળ ઝારખંડ, મધ્યપ્રદેશ અને આસામના રહેવાસી છે. પોલીસે દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી અંગજડતીના રૂ.11600, દાવ પરના રૂ.700, પાંચ મોબાઇલ ફોન (અંદાજિત કિંમત રૂ.28500) મળી કુલ રૂ.40800નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### અંકલેશ્વરમાં ઓટો ગેરેજમાંથી દારૂ ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે રાજપીપળા ચોકડી પાસેના મન્નુ ઓટો ગેરેજમાં દરોડો પાડી રૂ.૧.૧૪ લાખના મુદ્દામાલ સાથે અંદાડાના બુટલેગર રાકેશ ચૌહાણની ધરપકડ કરી છે. ગેરેજમાંથી રૂ.૧.૦૯ લાખનો વિદેશી દારૂ અને મોબાઈલ જપ્ત કરી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરના ભાદી ગામે તળાવમાં મગર દેખાયો

અંકલેશ્વર: અંકલેશ્વર ભાદી ગામે ગોવા ટેકરી નજીકના તળાવમાં મગર દેખાતાં ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક સ્થળ પર પહોંચી મગરનું રેસ્ક્યુ કરી સુરક્ષિત સ્થળે ખસેડવાની માંગ કરી છે.


**ધી. બોલાવ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.**
મુ.પો કીમ, તાઃ ઓલપાડ, જિઃ સુરત

**ચુટણી અંગેની જાહેરાત વર્ષ ૨૦૨૬-૨૦૨૭ થી ૨૦૩૦-૨૦૩૧**

આથી મંડળી ના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે મંડળીના ચુટણી અંગેના નિયમો મુજબ ફારેગ થતા ગામનાં વ્યવસ્થાપક કમીટી સભ્યો ફારેગ થાય છે. તેમનો પાંચ વર્ષની (૨૦૨૬-૨૦૩૧) ની મુદત માટે ચુંટાવા અંગેનો ચુંટણી કાર્યક્રમ નીચે મુજબ છે.

| અ.ન. | ગામનુ નામ | સભાસદ સંખ્યા | કમીટી સભ્યોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અણીતા | ૮૬ | ૦૨ |
| ૨ | વડોલી | ૭૧ | ૦૨ |
| ૩ | ઉમરાછી | ૩૩ | ૦૧ |
| ૪ | મુળદ, કારેલી, કીમામલી, કીમ. | ૧૯ | ૦૦ |
| ૫ | બાલોતા સુણેવ કલ્લા સુણેવ ખૂદ ઇલાવ | ૪૮ | ૦૨ |
| ૬ | બોલાવ | ૧૧૮ | ૦૩ |
| ૭ | મહીલા અનામત | - | ૦૨ |
| ૮ | અનુ સુચિત જાતિ / અનુસુચિત જન જાતિ | - | ૦૧ |
| | કુલ બેઠક | | ૧૩ |
| | કુલ | ૩૭૫ | ૧૩ |

શ્રી ધી બોલાવ ગૃપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.
મુ.પો.કીમ, તા. ઓલપાડ, જિ. સુરત
ચૂંટણી નું સમય પત્રક
(ચૂંટણીનાં નિયમોની કલમ ૮ (૪) મુજબ)

તારીખ:

| | | |
|---|---|---|
| (૧) | પ્રથમ મતદાર યાદી અને ખાલી પડેલી જગ્યાઓના નામ સાથે પ્રસિદ્ધ કરવી. સમય સવારે ૧૧-૦૦ કલાકે | તાઃ ૧૩ /૦૭/૨૦૨૬ |
| (૨) | મતદાર યાદીઓ ઉપર વાંધાઓ રજુ કરવાની તારીખ સમય સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ કલાકે | તાઃ ૧૪/૦૭/૨૦૨૬<br>તાઃ ૧૫/૦૭/૨૦૨૬ |
| (૩) | છેવટની મતદાર યાદી પ્રસિદ્ધ કરવી બપોરે ૧૨-૦૦ કલાકે | તાઃ ૧૬/૦૭/૨૦૨૬ |
| (૪) | ઉમેદવારી પત્રો આપવાની અને સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ કલાકે | તાઃ ૧૭/૦૭/૨૦૨૬<br>તાઃ ૧૮/૦૭/૨૦૨૬ |
| (૫) | ઉમેદવારી પત્રોની ચકાસણી નો સમય ૧૦-૦૦ થી ૫-૦૦ કલાકે | તાઃ ૨૦/૦૭/૨૦૨૬ |
| (૬) | મંજુર થયેલા ઉમેદવારી પત્રોની જાહેરાત બપોરે ૨-૦૦ કલાકે | તાઃ ૨૧/૦૭/૨૦૨૬ |
| (૭) | ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ અને સમય સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ કલાકે | તાઃ ૨૨/૨૩/૨૪/૦૭/૨૦૨૬ |
| (૮) | ઉમેદવારોની છેલ્લી યાદી પ્રસિદ્ધ કરતી તારીખ અને સમય બપોરે ૨-૦૦ કલાકે | તાઃ ૨૫/૦૭/૨૦૨૬ |
| (૯) | મતદાનની તારીખ, સમય અને સ્થળ શ્રી પી. કે. દેશાઇ વિદ્યાલય કીમ. સમય સવારે ૦૮-૦૦ થી ૨-૦૦ કલાકે | તાઃ ૦૨/૦૮/૨૦૨૬ |
| (૧૦) | મત ગણતરીની તારીખ અને સમય ૩-૦૦ થી પુર્ણ થાય ત્યાં સુધી શ્રી પી. કે. દેશાઇ વિદ્યાલય કીમ. | તાઃ ૦૨/૦૮/૨૦૨૬ |
| (૧૧) | પરીણામ જાહેર કરવાની તારીખ અને સમય મત ગણતરી પુર્ણ થયા બાદ | તાઃ ૦૨/૦૮/૨૦૨૬ |

પરીણામ મત ગણતરી પુરી થયેથી જાહેર કરવામાં આવશે, જે સભાસદ ઉમેદવારી કરવાના હોય તેમણે પોતે રૂબરૂ મંડળીની ઓફિસે આવી ચુંટણી ફોર્મ લેવાના રહેશે.

શ્રી દીનેસભાઇ જી. પરમાર
મુખ્ય ચુંટણી અધીકારી
ધી. બોલાવ ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.